bluebytes
news that matters

Friday, December 11, 2009

**Tobacco smuggling is a big concern**

Publication: Gujarat Pranam, Edition: Ahmedabad, Journalist: Bureau, Page No: 2, Location: Middle-Left, Width(cms): 9, Height(cms): 11, Size(sq.cms): 99

# તમાકુની દાણચોરી: વધતો ભય

બ્રિટિશ મેડિકલ જર્નલના તાજેતરના અહેવાલ અનુસાર તમાકુ સંબંધી મુદ્દાઓમાંથી યુકેમાં દર વર્ષે આશરે ૪૦૦૦ પ્રીમેચ્યોર મૃત્યુ દાણચોરીના તમાકુના ઉપયોગ સાથે પ્રત્યક્ષ સાંકળવામાં આવે છે. યુકેમાં દાણચોરીનાં બધા જ કેફી દ્રવ્યોના ઉપયોગથી થતાં મૃત્યુની તુલનામાં આ આંક ચારગણો વધુ છે. કેન્સર રિસર્ચ યુકે હેલ્થ બિહેવિયર રિસર્ચ સેન્ટર (એચબીઆરસી)ના નિષ્ણાતો અનુસાર સિગારેટોની કિંમતોમાં વધારો વધુ ને વધુ ધૂમ્રપાનના વ્યસનીઓને ધૂમ્રપાનથી દૂર કરી શકે છે, પરંતુ દાણચોરીના તમાકુના મોટા પ્રમાણને કારણે આ પ્રોડક્ટો અત્યંત ઓછી કિંમતે મળે છે. આને કારણે આર્થિક રીતે પછાત વર્ગના પુખ્તો અને યુવાન પુખ્તોની પણ તે આસાન પહોંચમાં આવે છે.

આ તારણને ધ્યાનમાં રાખતાં એક વાત સ્પષ્ટ છે કે યુકેમાં દાણચોરીના તમાકુને અટકાવવા માટે જરૂરી પગલાં લેવાય તો દર વર્ષે ઘણા જીવન બચાવી શકાય છે.

આ ફક્ત યુકે પૂરતું જ મર્યાદિત નથી. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વિશાળ તમાકુ કંપનીમાંની એક બ્રિટિશ અમેરિકન ટોબેકો (બેટ) વિરુદ્ધ વિશ્વભરમાં ઘણાં સ્થળે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે તમાંકુની દાણચોરી થતી હોવાના સ્પષ્ટ પુરાવા મળ્યા બાદ પગલાં લેવાયાં હતાં.